# કચરા નિકાલ કૌભાંડમાં ત્રણને શો કોઝ

**કૌભાંડ** આચરનાર સી.ડી. ટ્રાન્સપોર્ટને માત્ર દંડ કરાયો

**આસિસ્ટન્ટ** ઇજનેર, સબ સેનેટરી અને સેનેટરી ઇન્સ્પેક્ટરને શો-કોઝ

સુરતઃ ખજોદ ડિસ્પોઝલ સાઇટ પર વૈજ્ઞાનિક ઢબે સોલિડ વેસ્ટના નિકાલના દાવા કરી દેશ-વિદેશના પ્રતિનિધિમંડળ સામે કોલર ઊંચા કરતી સુરત મહાનગરપાલિકા આજે એક ઈજારદારના પાપે પોતે જ ફિક્સમાં મુકાઈ ગઈ છે. ખજોદ ખાતેથી સોલિડ વેસ્ટ બારોબાર ખસેડી જિલ્લા વિસ્તારની ખુલ્લી જગ્યામાં નિકાલ કરવાના ગંભીર વિવાદમાં 213 કરોડનો મલાઈદાર કોન્ટ્રાક્ટ મેળવનાર સીડી ટ્રાન્સપોર્ટ એજન્સી કઠેડામાં ઊભી છે. જ્યારે મનપા તંત્ર હવે આ મામલો રફેદફે કરવાની દિશામાં આગળ વધતું દેખાઈ રહ્યું છે. કેમ કે, ઈજારદાર એજન્સીને માત્ર દંડ કરાયો છે. જ્યારે મનપાના નીચલા વર્ગના કર્મચારીઓ એવા આસિસ્ટન્ટ ઈજનેર મોહસીન પઠાણ, સેનેટરી સબ ઈન્સ્પેક્ટર દીપક પટેલ અને સેનેટરી ઈન્સ્પેક્ટર અબ્બાસખાન પઠાણને શો-કોઝ નોટિસ ફટકારાઈ છે. જો કે, જેની દેખરેખમાં કરોડો રૂપિયાના ખર્ચે કચરાના પ્રોસેસિંગ થાય છે તે એન્વાયરો એન્જિનિયરનો ખુલાસો સુધ્ધા નહીં પુછાતાં કર્મચારીઓમાં પાડાના વાંકે પખાલીને ડામ જેવી લાગણી ફેલાઈ છે.

વિસ્તૃત વિગતો મુજબ ખજોદમાં આવતા સોલિડ વેસ્ટ પૈકી પ્રતિદિન 2500 મેટ્રિક ટન સોલિડ વેસ્ટનું વૈજ્ઞાનિક પ્રોસેસિંગ થવું જોઈએ, પરંતુ ઈજારદાર દ્વારા પ્રોસેસિંગ વગરનો કચરો મહુવાના કાંકરિયા ગામ સહિત ખુલ્લી જગ્યાઓમાં સગેવગે થતો હોવાનો પર્દાફાશ થયો હતો. ઘટના સ્થળેથી ઝડપાયેલી ત્રણ ટ્રકના ડ્રાઈવર-ક્લીનરનાં નિવેદનોએ સ્પષ્ટ કર્યું કે આ કચરો ખજોદ ડિસ્પોઝલ સાઈટ પરથી જ લાવવામાં આવ્યો હતો. એટલું જ નહીં, મનપાએ ખુદ 10 લાખનો દંડ ફટકારી આ હકીકતને પરોક્ષ રીતે સ્વીકારી લીધી છે. આ સમગ્ર કૌભાંડમાં ઈજારદાર, અધિકારીઓ અને રાજકીય છત્રછાયાની મિલીભગત હોવાની ગંભીર ફરિયાદો ઊઠી છે. પ્રોસેસિંગ કર્યા વગરના કચરાનો નિકાલ કરીને પણ એજન્સીને કચરાના પ્રોસેસિંગના ચાર્જ ચૂકવાતા હોવાના આક્ષેપોએ મનપાની વિશ્વસનીયતા પર મોટો પ્રશ્નચિહ્ન ઊભું કર્યું છે. મામલો ગરમાતાં હવે જવાબદાર અધિકારીઓને બદલે સોલિડ વેસ્ટ વિભાગના ત્રણ કર્મચારીને શો-કોઝ નોટિસ ફટકારી સેફ પેસેજ આપવાનો પ્રયાસ થતો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### ઈજારદાર-અધિકારીઓની મીલીભગતમાં મનપાની હાલત શરમજનક: કાંકરિયા ડમ્પ થયેલો સોલિડ વેસ્ટ ઉઠાવવાની ફરજ પડી

મહુવાના કાંકરિયા ગામે ખુલ્લી જગ્યામાં સોલિડ વેસ્ટ ડમ્પ કરવાના કૌભાંડમાં હવે સુરત મનપા ફિક્સમાં મુકાઇ ગઇ છે. કચરો ખજાદ ડિસ્પોઝેબલ સાઇટ પરથી જ બારોબાર કાંકરિયા ગામે ઠલવાયો હોવાનો પુરાવો મળતાં મનપાની આબરૂના ધજાગરા ઊડી ગયા છે. આખરે તંત્રની સૂચનાથી હવે એ જ કચરો ફરી ખજાદ સાઇટ પર લાવવાનું શરૂ કરાયું છે, કચરાની ત્રણ ટ્રક અને ડમ્પરો જપ્ત થયા બાદ ડ્રાઈવર અને ક્લીનરોનાં નિવેદનોએ સ્પષ્ટ કરી દીધું હતું કે, આ કચરો ખજાદ ખાતેથી જ લાવવામાં આવ્યો હતો. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના દાવા મુજબ ખજાદ ખાતેથી અંદાજે 500 ટ્રક જેટલો કચરો કાંકરિયા ગામે બારોબાર ઠલવાયો હોઈ શકે છે. આ ખુલાસા બાદ મનપાએ મોડેથી જાગીને આઉટવર્ડ રજિસ્ટરની ચકાસણી કરી, જેમાં જપ્ત કરાયેલાં ત્રણ વાહનો દ્વારા 10થી 21 ડિસેમ્બર દરમિયાન કુલ 112 ટ્રીપ નોંધાયેલી હોવાનું બહાર આવ્યું છે. તેથી મનપાને પણ અનિચ્છાએ કૌભાંડનો સ્વીકાર કરવો પડ્યો અને ઇજારદારને કાંકરિયા ગામે ડમ્પ કરાયેલો કચરો ફરી લિફ્ટ કરીને બે દિવસમાં 450 ટન જેટલો કચરો ફરી ખજોદ સાઇટ પર ડમ્પ થયો હોવાનું જાણવા મળ્યું છે.

### જીપીસીબીનો પણ મનપાને પત્ર: 40 લાખની ચૂકવણી અટકાવવા તજવીજ

ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડે પણ સુરત મનપાને સુધારાલક્ષી કામગીરી માટે પત્ર પાઠવી કાયદેસરની નોટિસની તૈયારી હાથ ધરતાં મામલો વધુ ગંભીર બન્યો છે. છતાં, ઇજારદાર સામે કડક કાર્યવાહી કરવાની બદલે માત્ર ટોકન દંડ અને શો-કોઝથી વિવાદ પર પડદો પાડવાનો પ્રયાસ મનપાના વહીવટી તંત્રને વધુ શંકાના ઘેરામાં મૂકી રહ્યો છે. મનપા દ્વારા ઇજારદાર અજેન્સીના 40 લાખનાં બિલો પર બ્રેક મારવા તજવીજ હાથ ધરાઈ છે.

કાંકરિયા ગેરકાયદે વેસ્ટ ડમ્પિંગ મામલે નવી કાર્યવાહી

# તંત્રએ જમીન સરકાર હસ્તક લેવાની તૈયારી શરુ કરી

**એન્વાયરોમેન્ટ** એક્ટ હેઠળ FIR નહીં થતાં ઊઠ્યા સવાલ

**અંબિકા** તાલુકા મામલતદારે પ્રાંતને કરી જાણ

સુરતઃ સુરતના મહુવા તાલુકાના કાંકરિયા ગામે થયેલા ગેરકાયદે વેસ્ટ ડમ્પિંગના ગંભીર કેસમાં માત્ર રૂ.10 લાખનો દંડ ફટકારવામાં આવતા વ્યાપક વિવાદ ઊભો થયો છે. આ મામલે અંબિકા મામલતદાર દ્વારા જમીન માલિકને નોટિસ આપી પ્રાંતને જાણ કરી છે. સાથે જ જમીન સરકાર હસ્તક લેવા સુધીની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

એન્વાયરોમેન્ટ (પ્રોટેક્શન) એક્ટ, 1986 હેઠળ આ પ્રકારની પ્રવૃત્તિ ફોજદારી ગુનો ગણાતી હોવા છતાં હજુ સુધી FIR નોંધાઈ નથી કે જવાબદાર અધિકારીઓ સામે કોઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરાઈ નથી. આ બાબતે હવે વહીવટી તંત્રમાં હલચલ શરૂ થઈ છે અને મામલો નવા વળાંક તરફ આગળ વધ્યો છે.

આ વિવાદ વચ્ચે હવે અંબિકા તાલુકાના મામલતદારે CRPCની જૂની કલમ 133 હેઠળ કાર્યવાહી શરૂ કરી છે અને સમગ્ર બાબત પ્રાંત અધિકારીને જાણ કરવામાં આવી છે. પ્રાંત દ્વારા હવે જમીન ઉપર સીધી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે જમીન પર કચરો ઠાલવાયો છે તે મોહમદ રાશીદ નામના વ્યક્તિની ખાનગી જમીન હોવાનું સામે આવ્યું છે.

આ જમીન પર ગંદો કચરો નાખવાથી આસપાસના ગામોમાં આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું થયું હોવાનું તંત્રનું કહેવું છે. અંદાજે 3 હેક્ટર એટલે કે 12 વીંઘા જેટલી જમીન પર કચરો નાખવામાં આવ્યો છે. જમીન પડતર હોવાથી મોહમદ રાશીદે ત્યાં કચરાનો વેપાર શરૂ કર્યો હોવાનો આક્ષેપ છે અને એક ટ્રક દીઠ રૂ.1500 વસૂલવામાં આવતા હોવાનું કહેવાય છે. મામલતદારની નોટિસ બાદ હવે સુનવણી હાથ ધરવામાં આવશે.

સુનવણી પછી જમીન પર પ્રવેશ પ્રતિબંધ મૂકવાથી લઈને જમીન સરકાર હસ્તક લેવાની કાર્યવાહી સુધી મામલો જઈ શકે છે. આ સમગ્ર ઘટનાક્રમને લઈ પર્યાવરણપ્રેમીઓ અને સ્થાનિકોમાં સખત કાર્યવાહી અને જવાબદાર સામે ફોજદારી કેસ નોંધવાની માંગ ઊઠી રહી છે.

### રૂ. 200-250 કરોડના ઇજારા પછી પણ કોન્ટ્રાક્ટર ટ્રક દીઠ રૂ. 1500 માટે ડમ્પિંગ કરતો હતો

સુરત મહાનગરપાલિકાના આશરે રૂ.200થી રૂ.250 કરોડના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ઇજારાના આડમાં લાંબા સમયથી કાંકરિયા સહિત અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ગેરકાયદે રીતે વેસ્ટ ડમ્પિંગ કરવામાં આવતું હતું. એક ટ્રક દિઠ રૂ. 1500 આપવામાં આવતા હોવાની વાત છે. આટલા મોટા પાયે થયેલી પર્યાવરણીય ગુનાહિત પ્રવૃત્તિ સામે માત્ર રૂ.10 લાખનો દંડ લાદવો એ સમગ્ર પ્રકરણને દબાવવાનો પ્રયાસ હોવાનું આક્ષેપ કરવામાં આવ્યો છે.

### 350થી વધુ ટ્રક કચરો ઠલવાયો, ત્રણ દિવસથી સફાઇ ચાલુ છે

પ્રાંત દ્વારા નોટિસ આપવામાં આવ્યા બાદ છેલ્લા ત્રણ દિવસથી કચરો ખાલી કરવાની કામગીરી ચાલી રહી છે, પરંતુ હજી સુધી સંપૂર્ણ સફાઇ થઇ નથી. અત્યાર સુધીમાં 350થી વધુ ટ્રક કચરો ત્યાં ઠાલવાયો હોવાનું સામે આવ્યું છે.

### દેખરેખની સીધી જવાબદારી છે, તે એન્વાયરો અન્જિનિયર શંકાના દાયરામાં

શહેરમાંથી નીકળતા સોલિડ વેસ્ટનું પ્રોસેસિંગ કરી વૈજ્ઞાનિક નિકાલ માટે કરોડો રૂપિયાનો ઇજારો આપવામાં આવે છે. આ ઇજારદાર ખરેખર કચરાનું પ્રોસેસિંગ નિયમ મુજબ કરીને નિકાલ કરે છે કે બારોબાર નિકાલ કરી મનપાની તિજોરીને ઉસેટી રહ્યા છે? તેની દેખરેખ રાખવા માટે એન્વાયરો એન્જિનિયરને જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે ઇજનેરી વિભાગ અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ પણ આ સાઇટ પર તૈનાત કરાય છે. જો કે, કૌભાંડ બહાર આવ્યા બાદ મોટા મગરમચ્છોને બચાવી લેવા આસિસ્ટન્ટ ઇજનેર મોહસીન પઠાણ, સેનેટરી ઇન્સ્પેક્ટર અબ્બાસ પઠાણ અને સેનેટરી સબ ઇન્સ્પેક્ટર દીપક પટેલને નોટિસ ફટકારાઇ છે. પરંતુ જેની સીધી દેખરેખમાં આ કામ આવે છે તે એન્વાયરો એન્જિનિયર શંકાના દાયરામાં હોવા છતાં તેનો ખુલાસો સુધ્ધાં નહીં પુછાતાં બંધ બારણે કંઇ રંધાઇ રહ્યું હોવાની ચર્ચા ઊઠી છે.

# ઉમરપાડાના જંગલમાં પ્રેમી યુગલનો આપઘાત

**ધાણાવડ** નજીક ઝાડ પર લટકતી હાલતમાં યુવક-યુવતીના મૃતદેહ મળ્યા, પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

વાંકલ: ઉમરપાડાના ધાણાવડ નજીક આવેલા કાટણવાડી ગામની સીમના જંગલ વિસ્તારમાં એક યુવક અને યુવતીએ એક જ ડાળી પર દુપટ્ટાના સહારે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઉમરપાડાના ધાણાવડ નજીકના કાટણવાડી ગામની હદમાં આવેલા જંગલ વિસ્તારમાંથી ઝાડ પર લટકતી હાલતમાં બે મૃતદેહમળી આવ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવકની ઓળખ નીરજ બાબુભાઈ પટેલ (ઉં.વ.27) (રહે.,ધામધૂમા, તા.ખેરગામ) તરીકે થઈ છે. જ્યારે તેની સાથે રહેલી 19 વર્ષીય યુવતી બંસરી શૈલેષભાઈ પટેલ (રહે.,ચોખવાડા, ઉમરપાડા, મૂળ રહે.,વહેવલ, તા.મહુવા) હોવાનું બહાર આવ્યું છે.

આ ઘટનાની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાંથી લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં. પોલીસે બંને મૃતદેહને ઝાડ પરથી નીચે ઉતારી, પંચનામું કરી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યા હતા. આ યુગલે કયા સંજોગોમાં અને કયાં કારણોસર આ આત્યંતિક પગલું ભર્યું તે દિશામાં ઉમરપાડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પુત્રી ગુમ થયાની ફરિયાદ કરવા ગયેલાં માતાપિતાને પુત્રી મૃત મળી

ગઈકાલે સાંજે બંસરીનાં માતાપિતા પુત્રી ગુમ થયાની જાણ પોલીસમથકે પહોંચ્યાં હતાં. દરમિયાન પોલીસને જંગલમાં લાશ મળ્યાની જાણ થતાં જ એ લાશ ગુમ થયેલી બંસરીની હોઈ શકે એના આધારે બંસરીનાં માતાપિતાને જાણ કરી હતી. પુત્રીને આપઘાત કરેલી અવસ્થામાં જોતાં જ માતાપિતા ભાંગી પડ્યાં હતાં. છોકરી બે દિવસ પહેલાં જ ચોખવાડા ગામે આવી હોવાની વિગત સાંપડી છે. પોલીસની તપાસમાં મોબાઇલ કે અન્ય કોઈ વસ્તુ હાથ લાગી નથી.

# પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ માટે ૩૧મી માર્ચ સુધી તક

**હવે** જો વિદ્યાર્થીનું ફોર્મ નહીં ભરાયું તો આચાર્યની જવાબદારી

સુરતઃ રાજ્ય સરકાર અને ભારત સરકારની વિવિધ પ્રિ-મેટ્રીક તથા પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્ર વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત ન રહી જાય તે હેતુસર ડિજિટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન કરવામાં આવ્યું છે.

નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, નાનપુરા, સુરત દ્વારા જાહેર કરાયેલા પત્ર અનુસાર અગાઉના વર્ષોની સરખામણીમાં પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ માટે પૂરતી અરજીઓ પ્રાપ્ત થયેલી ન હતી. ઉપરાંત અનેક વિદ્યાર્થીઓ ઓનલાઈન ફોર્મ ભરવાનું કે સબમિટ કરવાનું ચૂકી ગયા હતા. કેટલાક ફોર્મ ક્વેરી માટે પરત મોકલાયા બાદ સમયસર સુધારાઓ ન થતાં ક્લોઝ થઈ ગયા હતા. તો ક્યાંક સંસ્થાઓને AISHE કોડ મળવામાં વિલંબ પણ થયો હતો.

આ તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને ફરી તક આપવા માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ તા. ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી ખુલ્લું રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, હવે પછી જો કોઈ વિદ્યાર્થીનું શિષ્યવૃત્તિ ફોર્મ ભરવાનું બાકી રહેશે તો તેની જવાબદારી સંબંધિત શાળાના આચાર્ય તેમજ જિલ્લા સ્તરના શિષ્યવૃત્તિ સંબંધી કર્મચારીઓની રહેશે. આ બાબતની નોંધ લેવા પણ તંત્રને સૂચના આપવામાં આવી છે.

# ફૂડ લેબની આડમાં ડ્રગ્સનું ઉત્પાદન કરવામાં આવતુ હતું

**5000** રૂપિયાનું એક ગ્રામ, બે મહિનામાં 5 કિલો વેચી દીધું



સુરતઃ જીલની કબૂલાત બાદ તપાસના તાર પરવટ પાટિયા વેસુ કેનાલ રોડ પર આવેલા પોલારિસ શોપિંગ સેન્ટર સુધી પહોંચ્યા. અહીં કાર્યરત 'ડિક્રિયા ફૂડ એન્ડ ફાર્મા એનાલેટિકલ લેબોરેટરી'માં SOGએ બાતમીના આધારે દરોડા પાડ્યા. બહારથી ફૂડ ટેસ્ટિંગ અને રિસર્ચ લેબ દેખાતી આ જગ્યા અંદરથી સંપૂર્ણ ડ્રગ્સ મેન્યુફેક્ચરિંગ યુનિટ હોવાનું બહાર આવ્યું. તપાસ દરમિયાન આધુનિક મશીનરી, કેમિકલ્સ અને પ્રોસેસિંગ સાધનો મળી આવ્યા. આ સાધનો હાઈ પ્યુરિટી ક્રિસ્ટલ મેફેડ્રોન બનાવવા માટે ઉપયોગમાં લેવાતા હતા. ફૂડ ટેસ્ટિંગના નામે ચાલતી આ લેબ હકીકતમાં યુવાધનને નશાના રવાડે ચઢાવતી ગુપ્ત ફેક્ટરી બની ગઈ હતી. આરોપીઓએ પૂછપરછમાં કબૂલ્યું છે કે માત્ર રૂ.10 હજાર ભાડે લેબ લઇ છેલ્લા બે મહિનામાં તેઓ 5 કિલોથી વધુ ડ્રગ્સ બનાવીને વેચી ચૂક્યા છે. એક ગ્રામ ડ્રગ્સ રૂ.5,000માં વેચાતું હતું, જેના કારણે લાખોની કમાણી થતી હતી. વેચાણ માટે પરંપરાગત દલાલોની બદલે Instagram અને Snapchat જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવતો હતો.

### રિસર્ચના બહાને 'મોતનો સામાન'

SOGના ડીસીપી રાજદીપસિંહ નકુમે જણાવ્યું કે, 1 જાન્યુઆરી 2026ના રોજ મળેલી બાતમીના આધારે તપાસ શરૂ કરી એક પછી એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પરવટ પાટિયા વિસ્તારમાં આવેલી લેબમાં રિસર્ચના બહાને કેમિકલના જાણકારો MD ડ્રગ્સ બનાવી રહ્યા હતા. પોલીસએ લેબમાંથી 16.950 ગ્રામ તૈયાર ડ્રગ્સ સહિત અન્ય કેમિકલ્સ જપ્ત કર્યા છે. વૈજ્ઞાનિક સંશોધનના નામે યુવાધનના ભવિષ્ય સાથે રમાતું હતું, જેને રોકવા પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે.

### લાખોનો માલ જપ્ત, NDPS હેઠળ કાર્યવાહી

દરોડા દરમિયાન લેબમાંથી 200 ML મિક્સ કેમિકલ, HB કેમિકલ, H2SO4, મિથાઈલ એમાઈન જેવા જ્વલનશીલ પદાર્થો જપ્ત કરાયા છે. સાથે Vacuum Oven, Vacuum Pump, Overhead Stirrer સહિત કુલ રૂ.2.92 લાખનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. 16.950 ગ્રામ તૈયાર મેફેડ્રોન ડ્રગ્સની કિંમત રૂ.50,850 હોવાનું પોલીસે જણાવ્યું છે. ત્રણ મોબાઇલ ફોનની ડિજિટલ તપાસ ચાલી રહી છે, જેના આધારે લંડનમાં બેઠેલા માસ્ટરમાઇન્ડ સુધી પહોંચવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તમામ આરોપીઓ સામે NDPS એક્ટ હેઠળ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### બે વર્ષમાં દક્ષિણ ગુજરાતમાં ડ્રગ્સની ચાર ફેક્ટરી પકડાઇ

» સુરત (જાન્યુઆરી 2026): સુરત પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપએ પર્વત પાટિયા વિસ્તારમાં એક શોપિંગ મોલમાં કાર્યરત ગેરકાયદેસર મેફેડ્રોન (MD) ડ્રગ લેબનો પર્દાફાશ કર્યો. આ સુવિધાને કાયદેસર ફૂડ એન્ડ ફાર્મા એનાલિટિકલ લેબોરેટરી' તરીકે છુપાવવામાં આવી હતી.

» વલસાડ (નવેમ્બર 2025): ડીઆરઆઈએ સાયકોટ્રોપિક પદાર્થ અલ્પ્રાઝોલમનું ઉત્પાદન કરતી એક ગુપ્ત ફેક્ટરીનો નાશ કર્યો, જેમાં લગભગ રૂ.22 કરોડની કિંમતની દવાઓ જપ્ત કરવામાં આવી. 'ઓપરેશન વ્હાઇટ કાઉલ્ડ્રોન' નામના આ ઓપરેશનમાં ચાર વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી.

» અંકલેશ્વર (ઓક્ટોબર 2024): ગુજરાત અને દિલ્હી પોલીસ દ્વારા એક મોટા ઓપરેશનમાં એક મોટા ડ્રગ સિન્ડિકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો, જેમાં અવકાર ડ્રગ્સ લિમિટેડ નામની કંપનીના પરિસરમાંથી આશરે રૂ.5,000 કરોડની કિંમતનો 500 કિલોથી વધુ કોકેન જપ્ત કરવામાં આવ્યો. આ સુવિધાનો ઉપયોગ દક્ષિણ અમેરિકાથી લાવવામાં આવેલા કોકેનને 'શુદ્ધ' કરવા માટે કરવામાં આવતો હોવાનું કહેવાય છે.

» પલસાણા, સુરત (જુલાઈ 2024): ગુજરાત ATSએ એક ડ્રગ ફેક્ટરીનો પર્દાફાશ કર્યો અને MDના ઉત્પાદન અને વેચાણમાં સંડોવણી બદલ બે વ્યક્તિઓની ધરપકડ કરી.

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સનું વિશ્લેષણ

# કેન્દ્રીયમંત્રી સી.આર. પાટીલની મિલકત ઘટી, પૂનમ માડમની વધી

**2014માં** કેન્દ્રિય મંત્રી સી.આર. પાટીલની સંપત્તિ 74 કરોડ હતી પણ હવે ઘટીને 39 કરોડ થઈ ગઈ

**બીજી** તરફ જામનગરના સાંસદ પૂનમ માડમની સંપત્તિ 17 કરોડથી વધીને 130 કરોડ થઈ

**બારડોલીના** સાંસદ પ્રભુ વસાવાની મિલકત પણ 2 કરોડથી 4 કરોડ થઈ

### મિલકતની વધઘટના લેખાજોખાં

| વિગત | પૂનમબેન માડમ | સી.આર. પાટીલ |
|---|---|---|
| ૨૦૧૪માં સંપતિ | રૂ.૧૭.૪૩ કરોડ | રૂ.૭૪.૫૪ કરોડ |
| ૨૦૨૪માં સંપતિ | રૂ.૧૪૭.૭૦ કરોડ | રૂ.૩૯.૪૯ કરોડ |
| ફેરફાર (રૂપિયામાં) | રૂ.૧૩૦.૨૬ કરોડ (વધારો) | રૂ.૩૫.૦૫ કરોડ (ઘટાડો) |
| ટકાવારી ફેરફાર | ૭૪૭% વધારો | ૪૭% ઘટાડો |

ગાંધીનગરઃ 2014 થી 2024 વચ્ચે ફરીથી ચૂંટાયેલા 102 સાંસદની મિલકતમાં ચોંકાવનારો વધારો સામે આવ્યો છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)ના વિશ્લેષણ મુજબ, આ સાંસદોની સરેરાશ મિલકત 2014માં 15.76 કરોડ હતી, જે 2024માં વધીને 33.13 કરોડ પહોંચી છે. એટલે કે માત્ર 10 વર્ષમાં 110 ટકાનો ઉછાળો નોંધાયો છે. એડીઆરના રિપોર્ટના ડેટા પ્રમાણે 10 વર્ષમાં રિપીટ થયેલા સાંસદોની સરેરાશ મિલકતમાં 17.36 કરોડનો વધારો થયો છે. 2014મા મિકલત 15.76 કરોડ હતી, જ્યારે 2024ની ચૂંટણી અનુસાર 33.13 કરોડ છે. જામનગરના ભાજપના સાંસદ પૂનમબેન માડમ દેશભરમાં સંપત્તિ વધારાના મામલે બીજા સ્થાને છે. વર્ષ 2014મા પૂનમ માડમની સંપત્તિ માત્ર 17 કરોડ હતી, જે વધીને 2024મા 130 કરોડ થઈ ગઈ છે. પૂનમ માડમની સંપત્તિમાં 747 ટકાનો વધારો થયો છે. જ્યારે કચ્છના સાંસદ વિનોદ ચાવડાની સંપત્તિમાં પણ મોટો વધારો થયો છે. વર્ષ 2014મા વિનોદ ચાવડાની સંપત્તિ 56 લાખ રૂપિયા હતી, જે વધીને 2024માં 7 કરોડ ઉપર પહોંચી ગઈ છે. 2014માં બારડોલીના સાંસદ પ્રભુ વસાવાની સંપત્તિ 2 કરોડથી ઉપર હતી, જે 2024મા વધીને 4 કરોડ ઉપર પહોંચી ગઈ છે.

દાહોદના સાંસદ જસવંતસિંહ ભાંભોરની સંપત્તિમાં પણ છેલ્લા 10 વર્ષમાં વધારો થયો છે. 2014માં જસવંત સિંહની સંપત્તિ 2 કરોડ ઉપર હતી, જે 2024મા વધીને 4 કરોડ ઉપર પહોંચી છે.

જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમાની સંપત્તિ 2014માં 1 કરોડ ઉપર હતી, જે વધીને 3 કરોડ ઉપર પહોંચી ગઈ છે. ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણની સંપત્તિમાં પણ વધારો થયો છે. દેવુસિંહની સંપત્તિ 2014મા 1 કરોડ ઉપર હતી, જે વધીને 3 કરોડ ઉપર પહોંચી છે. કેન્દ્રીય મંત્રી અને ગુજરાત ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ સીઆર પાટિલની સંપત્તિમાં ઘટાડો થયો છે. 2014મા સીઆર પાટિલની સંપત્તિ 74 કરોડથી વધારે હતી, જે 2024મા ઘટીને 39 કરોડ થઈ છે. એટલે કે પાટિલની સંપત્તિમાં 47 ટકાનો ઘટાડો થયો છે.

# ખેડૂતો માટે રીંગણની રોબોટીક કલમ પર ભાર મુકાયો

**નવસારી** કૃષિ યુનિ. ના કુલપતિ ડો. ટી.આર. અહલાવતના અધ્યક્ષસ્થાને સુરત કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક મળી

સુરતઃ નવસારી કૃષિ યુનિવર્સિટી સંલગ્ન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), સુરત ખાતે વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની ૧૪મી બેઠક નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ટી.આર. અહલાવતના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. ખેડૂતો સુધી સંશોધન પહોંચાડવા અને પ્રાકૃતિક ખેતીને વેગ આપવા તથા રીંગણની રોબોટીક કલમ અને પ્રાકૃતિક ખેતી પર ભાર મુકાયો હતો.

આ બેઠકમાં કેવિકેના વૈજ્ઞાનિકો ઉપરાંત જિલ્લાના ખેતીવાડી, બાગાયત તથા પશુપાલન વિભાગના અધિકારીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટીના સંશોધન અને વિવિધ વિભાગોના વડાઓ, પ્રગતિશીલ ખેડૂતો, એનજીઓના પ્રતિનિધિઓ તેમજ સ્વસહાય જૂથની પ્રગતિશીલ મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન કુલપતિ ડૉ. ટી.આર. અહલાવતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-સુરતની વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવતાં જણાવ્યું હતું કે, સુરત જિલ્લાના છેવાડાના અને ગ્રામિણ વિસ્તારોમાં કૃષિની આધુનિક યાંત્રિકતાઓનો પ્રચાર-પ્રસાર કરવાનું કેન્દ્રનું કાર્ય અત્યંત સરાહનીય છે. તેમણે યુનિવર્સિટીમાં થતાં વિવિધ સંશોધનો ખેડૂતો સુધી અસરકારક રીતે પહોંચે અને દરેક ખેડૂતને તેની જાણ થાય તે માટે વૈજ્ઞાનિકોને વધુ સક્રિય રીતે કામગીરી કરવા સૂચન કર્યું હતું. કુલપતિએ રીંગણની રોબોટીક કલમના નિદર્શન થકી તેના વ્યાપક પ્રચાર-પ્રસાર કરવા સૂચન કર્યું હતું.

# 18 જાન્યુઆરી સુધી મુંબઈમાં બ્લોક

**બોરીવલી** અમદાવાદ. અમદાવાદ દાદર અને મુંબઇ સેન્ટ્રલ અમદાવાદને અસર થશે

સુરતઃ કાંદિવલી અને બોરીવલી વિભાગ વચ્ચે છઠ્ઠી લાઈનના બાંધકામના કામને આગળ ધપાવવા માટે પશ્ચિમ રેલવે દ્વારા આ બ્લોકના કારણે ગુજરાતથી ટ્રેનોને અસર પડશે. 11 જાન્યુઆરી, 2026: ટ્રેન નં.19417 બોરીવલી-અમદાવાદ એક્સપ્રેસ- વસઈ રોડથી ઉપડશે, ટ્રેન નં. 19425 બોરીવલી-નંદુરબાર એક્સપ્રેસ- વસઈ રોડથી ઉપડશે, ટ્રેન નં. 12902 અમદાવાદ-દાદર એક્સપ્રેસ (10 જાન્યુઆરી, 2026)- રૂટ સ્ટેશનો પર 20 મિનિટ નિયંત્રિત થશે. ટ્રેન નં. 19218વેરાવળ-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ (10 જાન્યુઆરી, 2026)- 45 મિનિટ મોડી 12:35 વાગ્યે ઉપડશે. ટ્રેન નં. 22953 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ એક્સપ્રેસ (11 જાન્યુઆરી, 2026)- 30 મિનિટ મોડી 06:10 વાગ્યે ઉપડશે. ટ્રેન નં. 22921 બાંદ્રા ટર્મિનસ-ગોરખપુર એક્સપ્રેસ (11 જાન્યુઆરી, 2026) - 1 કલાક મોડી 06:10 વાગ્યે ઉપડશે.

### નવી સિવિલમાં મેડિકલ સર્ટિ માટે પરેશાનીની ફરિયાદો

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં મેડિકલ સર્ટિફિકેટ મેળવવા આવતા પોલીસ કર્મચારીઓ અને એસ.ટી. વિભાગના કર્મચારીઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યાની ફરિયાદો મળી છે. બપોર પછી ઓર્થોપેડિક સહિત અનેક વોર્ડમાં અસિસ્ટન્ટ પ્રોફેસર (એપી) અને અન્ય તબીબી સ્ટાફની અનુપસ્થિતિને કારણે આ કર્મચારીઓને સવારથી સાંજ સુધી વારંવાર ધક્કા ખાવા પડે છે અને તેમ છતાં તેમનું કામ પૂરું થતું નથી. કર્મચારીઓના જણાવ્યા મુજબ, મેડિકલ સર્ટિફિકેટ માટે આવતા આ કર્મચારીઓને વોર્ડમાં ડોક્ટરોની ગેરહાજરીને કારણે અનેકવાર પરત ફરવું પડે છે. ખાસ કરીને બપોર પછી ઓર્થો વોર્ડમાં એપીની અનુપસ્થિતિ વારંવાર જોવા મળે છે, જેના કારણે કર્મચારીઓને લાંબા સમય સુધી રાહ જોવી પડે છે અથવા તો તેમનું કામ અધૂરું રહે છે. આ પરિસ્થિતિને કારણે કર્મચારીઓમાં ભારે રોષ ફેલાયો છે.

**અનુસંધાન** ... પાના છેલ્લાનું

### સુરતના શોપિંગમોલમાં...

મેફેડ્રોન જે 'બ્લુ ક્રિસ્ટલ' તરીકે ઓળખાય છે બનાવાતું હોવાનું સામે આવ્યું. પોલીસે સિનિયર કેમિસ્ટ સહિત ત્રણ શખસોની ધરપકડ કરી ડ્રગ્સ, વિવિધ કેમિકલ્સ અને આધુનિક સાધનો મળી કુલ રૂ. 2.92 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો. તપાસમાં ખુલ્યું છે કે લેબ માત્ર રૂ. 10 હજાર માસિક ભાડે લેવામાં આવી હતી અને અંદરથી પ્રોડક્શન એકમ તરીકે કાર્યરત હતી. આરોપીઓ કેમિસ્ટ્રીમાં પારંગત હોવાને કારણે શુદ્ધતા ઊંચી રાખીને ડ્રગ્સ તૈયાર કરતા હતા. આ ડ્રગ્સ ખાસ કરીને હાઇ-પ્રોફાઇલ પાર્ટીઓમાં માંગમાં હોવાનું અને સોશિયલ મીડિયા મારફતે ઓર્ડર લઈને સપ્લાય થતો હોવાનું પોલીસનું કહેવું છે.પોલીસે વધુમાં જણાવ્યું કે સમગ્ર રેકેટનો દોર લંડન સુધી પહોંચે છે, જ્યાં બેઠેલો માસ્ટરમાઈન્ડ સ્થાનિક કેમિસ્ટ્સને માર્ગદર્શન અને સપ્લાય ચેન સંભાળતો હતો. છેલ્લા બે મહિનામાં પાંચ કિલોથી વધુ ડ્રગ્સ બનાવાઈ અને લાખો રૂપિયામાં વેચાણ કરાયું હોવાની કબૂલાત મળી છે.

### લક્ઝરી બસના...

આવતો હતો અને કોઈને શંકા ન જાય તે રીતે ડ્રગ્સ પ્રોસેસ કરતો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ઇશા વરાછા લક્ઝરી બસ એસોસિએશનના પ્રમુખ અને પ્રવીણ તોગડિયાની AHP સુરત શહેરના પણ પ્રમુખ હિતેશ અનગણેની દીકરી છે.સમગ્ર મામલે SOG પોલીસે ફક્ત નિવેદન લઈ ઈશાને છોડી મૂકતા SOG પોલીસની પણ કાર્યવાહી શંકાના ડાયરામાં આવી છે.આ મામલે સોશ્યલ મીડિયા પર પણ પોલીસની ટીકાઓ થઈ રહી છે.

### જનક જાગાણી...

માંગ હોવાનું જનકને જાણ થતા તેણે ડ્રગ્સમાં બ્લ્યુ કલર ઉમેરી બ્લ્યુ ડ્રગ્સ બનાવવા શરૂ કરાવ્યું હતું. પોલીસ તપાસમાં તે હાલ લંડનમાં હોવાથી તેના વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ ઇસ્યૂ કરાશે.

### તાપી શુદ્ધીકરણના...

મનપાના તંત્રવાહકો ઇન્દોર જેવી ઘટના સુરતમાં બને તેની રાહ જોઈ રહ્યા હોય. જો તાપી નદીમાં આ રીતે પ્રદૂષણ વધતું રહેશે તો તેનો સીધો અસર શહેરના પાણી પુરવઠા પર પડશે અને પાણીજન્ય રોગચાળાનો મોટો ખતરો ઊભો થશે. સ્થાનિક લોકો દ્વારા નગરસેવક, ધારાસભ્ય, મનપા અધિકારીઓ અને સાંસદ સુધી રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ પણ સ્તરે ઉકેલ લાવવામાં ન આવવો એ સાબિત કરે છે કે જન આરોગ્ય કરતાં પ્રોજેક્ટના દાવાઓ અને ફાઇલ વર્કને વધુ મહત્વ આપવામાં આવી રહ્યું છે.

### સુરતમાં અમિતાભ...

સ્ટેડિયમ ખાતે ગ્રાન્ડ ઓપનિંગ દરમિયાન અક્ષય કુમાર, સૈફ અલી ખાન, કરીના કપૂર, અજય દેવગન, સુર્યા, રામ ચરણ હેલીકોપ્ટરમાં લાલભાઈ સ્ટેડિયમમાં તૈયાર કરવામાં આવેલા હેલિપેડ પર ઉતરશે.એ દરમિયાન અમિતાભ બચ્ચન,સચિન તેંડુલકરની ISPL માં ગ્રાન્ડ એન્ટ્રી જોવા મળશે. સુરતમાં 9 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી સુરતમાં રોમાંચક ક્રિકેટિંગ એક્શન સાથે સીઝન 3 શુક્રવારથી શરૂ થશે. ભારતની અગ્રણી ટી-10 ટેનિસ બોલ ટુર્નામેન્ટ આ વર્ષે લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં રમાશે. સુરતમાં લીગના આગમન નિમિત્તે આજે એક પાટેકર પરિષદને સંબોધતા સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી ડો. નૈમેષ કે. દેસાઈ અને પ્રેસિડેન્ટ (ઓપરેશન્સ) દીપક ચૌહાણ એ જણાવ્યું હતું કે, 'ISPL સીઝન 3 લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે 9 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી દરમિયાન યોજાશે, જેમાં કુલ 44 રોમાંચક મેચો રમાશે.'

### હાઈટેન્શન વીજટાવર...

આગળ સ્પીડ બ્રેકરનું બાંધકામ પણ થઇ શકે છે. આ અવરોધો છતાં એક્સપ્રેસ વે પેકેજ કાર્યરત થવા માટે તૈયાર છે. પેવમેન્ટ ક્વોલિટી કોંક્રિટ (PQC) નાંખવાનું કામ પૂર્ણ થઈ ગયું છે અને ડિવાઈડર અને મેટલ બેરિયર્સનું સ્થાપન પૂર્ણ થવાના આરે છે. વધુમાં, કોસંબા નજીક રેલ્વે ઓવરબ્રિજ સંપૂર્ણપણે બનાવવામાં આવ્યો છે. કોરિડોર સાથે અંતિમ ફિનિશિંગ કામ હાલમાં ચાલી રહ્યું છે, જાહેર ઉપયોગ માટે રસ્તો તૈયાર કરવા માટે 100થી વધુ કામદારો તૈનાત છે. રસ્તાની સફાઈ અને માર્કિંગ તેમના અંતિમ તબક્કામાં છે.

### હાઈટેન્શન થાંભલાને...

આવશે. સંભવતઃ 10મી જાન્યુ.ની આસપાસ આ રૂટ શરૂ કરી દેવામાં આવશે.

### થાંભલો ખસેડાશે...

પ્રક્રિયા દરમિયાન એક-બે દિવસ અંકલેશ્વરથી કીમનો આ રૂટ બંધ કરવામાં આવશે તેમ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું.